# ન્યાયાધીશ (જુનીયર ડીવીઝન)મજુર અદાલત,વડોદરા

**<u>આંક</u> : <u>૧૪</u>**

**<u>ફરીયાદ અરજી નંબર : ૦૭/૨૦૧૮</u>**

**<u>ફરીયાદી</u> :** **શ્રી મનોજ કાભાઈ ભાઈ સોલંકીના વારસદાર**
આંક–૭ ની ચંપાબેન મનોજભાઈ સોલંકી
અરજી અન્વયે C/O રાષ્ટ્રિય મઝદુર યુનિયન
પુરબારી નાકા,સલાટવાડા,
વડોદરા.

**<u>વિરૂઘ્ધ</u>**

**<u>સામાવાળા</u> :** ૧. જનરલ મેનેજરશ્રી,
ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર નગર વડોદરા.
૨. એડમીનીસ્ટ્રેટરશ્રી
ફર્ટીલાઈઝર સ્કૂલ,વડોદરા.

**<u>રજુઆત</u> :** ફરીયાદી તરફે યુનિયન પ્રતિનીધીશ્રી અતુલ કુરૂપ
સામાવાળા તરફે વિ. વકીલશ્રી ગેરહાજર

## :: <u>એ વો ર્ડ</u> ::

(૧) આ કામના ફરીયાદીએ હાલની અરજી આઈ. ડી.એકટ, ૧૯૪૭ ની કલમ–૩૩(એ) હેઠળ દાખલ કરી છે.

ફરીયાદની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી સામાવાળા નં.૧ ફર્ટીલાઈઝર કંપની દવારા સંચાલિત ''ફર્ટીલાઈઝર શાળા'' નો સંપુર્ણ વહીવટ ચલાવવામાં આવે છે અને તમામ નોન–ગ્રાન્ટેડ, શિક્ષકો સ્ટાફ કર્મચારીઓને વેતન ભથ્થા કંપની દવારા ચુકવવામાં આવે છે જે બિન વિવાદસ્પદ હકીકત છે. ફરીયાદી શાળામાં સ્વીપર તરીકે રૂા.૩૦૩.૪૦ પગારથી ખંત અને નિષ્ઠાપૂર્વક તેમજ નિયમિત રીતે સદર સ્કુલમાં ઘણાં વર્ષોથી એકધારી અને સંળગ નોકરી કરતા આવેલા છે.ફરીયાદી તથા અન્ય રોજમદાર કામદારો સાથે મળીને શાળા દવારા કરવામાં આવતા શોષણના વિરૂદઘ લેબર કમીશ્નર સમક્ષ ચાર્ટર્ડ ઓફ ડિમાન્ડ ઉભી કરેલ હતી જેમાં કામદારોને કાયમી કરવાની અને અન્ય કાયમી કામદારોને મળતા લાભો આપવા માટે માગણી ફર્ટીલાઈઝર શાળા સામે કરેલ હતી જેનો કેસ નં. રેફરન્સ સીવી (ડી) ૧૩/૨૦૧૭ છે અને હાલમાં પડતર છે. ફરીયાદીને સામાવાળા શાળાને રોજમદાર કામદાર તરીકે ભરતી કરેલ હતી અને છેલ્લા ૧૫ થી ૨૦ વર્ષથી ફરીયાદી શાળાના તાંબા હેઠળ કામ કરતા આવેલ

છે પરંતુ ઓગષ્ટ–૨૦૧૮ ના રોજ શાળાએ ફરીયાદીના શોષણમાં વધારો કરેલ અને કોઈ પણ લેખિત જાણ કર્યા સિવાય ,બહારના કોન્ટ્રાકટર દવારા ફરીયાદીને પગાર મેળવાનુ કહેતા ફરીયાદી કામદારો મૌખિક તેમજ લેખિમાં ફર્ટીલાઈઝરનગર શાળાના સંચાલકો ને જણાવવામાં આવેલ કે, કયાં કારણોસર કોન્ટ્રાકટર દવારા પગાર મેળવવા માટે આપના તરફથી તથા કોન્ટ્રાકટરના સુપરવાઈઝ તરફથી દબાણ કરવામાં આવેલ પરંતુ આજદીન સુધી કોઈ ખુલાસો કરેલ નથી.ફરીયાદી જે પંચીગમાં મશીનથી ફરજ ઉપર હાજર થવા માટે પંચીગ કરતા હતા તે પંચીગ મશીન તા. ૧૯/૦૮/૨૦૧૮ ના રોજથી બંધ કરી માનસિક ત્રાસ આપવામાં કોઈ જ કચાસ બાકી રાખવામાં આવેલ નથીઆ અંગે રજુઆત કરતા મશીન બગડી ગયેલ હોવાથી રૂટીન કામકાજ ચાલુ રાખજો,તેથી ફરીયાદી તથા અન્ય કામદારો તા. ૧૯/૦૯/૨૦૧ ૮ થી સદર માસના અંત સુધી પંચીગ કર્યા સિવાય ફરજો બજાવેલ છે.તા. ૧/૧૦/૨૦૧૮ ના રોજથી સિકયુરીટી ઓફીસરે શાળામાં પ્રવેશ કરવાની મનાઈ ફરમાવેલ જે બાબતે પુછતા મોખિક હુકમના આધારે શ્રી આર.ડી. મહેતા સાહેબના હુકમથી શાળામાં પ્રવેશ કરવાની ના પાડવામાં આવેલ છે. અને ફરીયાદી ને ઓગષ્ટ માસ અને સપ્ટેમ્બર માસનો પગાર ચુકવેલ નથી જેની રકમ રૂા.૪૮૫૪.૪૦ થાય છે.

ફરીયાદીને સામાવાળા શાળાના અધિકારીએ મૌખિક હુકમથી છુટા કરવાનુ પગલુ ગેરકાયદેસર ઠરાવી અમારી રજુઆત / હકીકતોને ઘ્યાને માં રાખી નામદાર અદાલત સામાવાળા કંપની અને શાળા કે તેઓના અધિકારી કે એજન્ટ કે પ્રતિનિધિ દવારા ફરીયાદીની કાયમી પ્રકારની નોકરી શરતોમાં કોઈ પણ જાતનો ફેરફાર કરે કરાવે નહી તેવા પ્રકારની તાકીદ આપવા અને તા. ૧/૧૦/૨૦૧૮ ના રોજ સામાવાળા શાળાએ ફરીયાદી ને નોકરી ઉપરથી મૌખિક હુકમથી છુટા કરેલ તે ગેરકાયદેસર ઠરાવી ફરીયાદી ને મુળ જગ્યાએ સળંગ નોકરી ગણી મળવા પાત્ર તમામ લાભલો અને પડેલા દિવસોના પુરેપુરા પગાર સાથે પુન:સ્થાપિત કરવાનુ તથા ફરીયાદનો ખર્ચ સામાવાળા પાસેથી અપાવવા અરજ કરેલ છે.

(૨) ફરીયાદી તરફે દસ્તાવેજી પુરાવા રજુ દસ્તાવેજો.સામાવાળા તરફે કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ નહી.

નિશાની ૧૩/૧:– ઈ.પી.એફ.સ્લીપ ૨૦૧૭ –૨૦૧૮

નિશાની ૧૩/૨:– હાજરી કાર્ડ ની નકલ

(૩) આ કામે સામાવાળા ને આંક–૩થી નોટીસ કાઢતા આંક–૪ થી બજી ગયા અંગેની આર.પી. એડી. સ્લીપ રજુ કરેલ છે.ત્યારબાદ આંક–૫ થી ફરીયાદી પક્ષે સામાવાળાના જવાબનો હકક બંધ કરવાની અરજી અન્વયે જવાબ બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે આંક–૬ થી ફરીયાદીનું સોગંદનામુ રજુ થયેલ છે જેથી ઉલટતપાસ સામાવાળા તરફે હાજર ન રહેતા ફરીયાદીની આંક–૮ ની અરજીના આધારે ઉલટતપાસનો હકક બંધ કરવામાં આવેલ છે.ત્યાર બાદ આ કામે ફરીયાદીના વારસદારોએ આ કામે જોડવા અંગે આંક–૭ થી અરજી આપેલ છે.જે અન્વયે હુકમ કરી ફરીયાદીના વારસદાર ચંપાબેન મનોજભાઈ સોલંકીને આ કામે જોડવામાં આવેલ છે.

આ કામે ફરીયાદીના વારસદારોએ આંક–૯ થી વઘુ પુરાવા રજુ કરવાના નથી તેવી પુરસીસ રજુ કરેલ છે. આ કામે સામાવાળા તરફે પુરાવા રજુ ન થતા ફરીયાદીની આંક–૧૦ ની અરજીના આધારે સામાવાળાનું પુરાવોનો હકક તથા આંક–૧૧ થી દલીલ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે.તેમજ ફરીયાદી તરફે મૌખિક દલીલો સાંભળી.

(૪) :: <u>મુદ્દાઓ</u> ::

૧. શું ફરીયાદી સાબિત કરે છે કે, સંસ્થાએ રેફરન્સ ડીમાન્ડ પેન્ડીંગ હોવા છતાં કોર્ટની પુર્વ પરવાનગી મેળવ્યા સિવાય નોકરીમાંથી છુટા કરેલાં છે ?

૨. શું ફરીયાદી સાબિત કરે છે કે, તેમને નોકરીમાંથી છુટા કરવાનું પગલું ગેરકાયદેસર અને રદબાતલ છે ?

૩. શું ફરીયાદી તેમની મુળ જગ્યાએ સાતત્ય સહિત અને પડેલા દિવસોના પગાર સહિત પુન: સ્થાપિત થવા હકકદાર છે ?

૪. શું હુકમ ?

(૫) :: <u>જવાબ</u> ::

૧. હકારમાં.

૨. હકારમાં.

૩. અંશત: હકારમાં.

૪. આખરી હુકમ મુજબ.

:: **કારણો** ::

(૬) **મુદ્દા નંબર ૧,૨ અને૩** :

આ કામે ઉપરોકત મુદ્દાઓ એકબીજા સાથે પરસ્પર સંકળાયેલાં હોઈ જેથી મુદ્દાઓની ચર્ચા એકસાથે કરવીં જરૂરી જણાઈ આવે છે.આ કામે રેકર્ડ ઉપર રજુ થયેલ દસ્તાવેજી અને મૌખિક પુરાવોના મુલ્યાંકન કરતા એવું ફલીત થાય છે કે ફરીયાદી સામાવાળા સંસ્થામાં ફરજ બજાવતા હતા જે ફરીયાદીએ પોતાના દવારા રજુ કરવામાં આવેલ દસ્તાવેજો થી પુરવાર કરેલ છે.

વધુમાં ફરીયાદી ને મૌખિક રીતે છુટટા કરવામાં આવ્યાની હકીકતના વિરૂદધમાં સામાવાળા તરફે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજુ કવામાં આવેલ નથી આ હકીકત ફરીયાદી પુરવાર કરવામાં સફલ થયેલ છે.વધુમાં તેમના યુનિયને ચાર્ટર ઓફ ડીમાન્ડ મુકેલી, જે રેફરન્સ (ડીમાન્ડ) નંબર : ૧૩/૨૦૧૭ લેબર કોર્ટ વડોદરા સમક્ષ પડતર હોવા છતાં તારીખ : ૦૧/૧૦/૨૦૧૮ ના રોજ તેમને નોકરીમાંથી છુટા કરી દીધેલ છે અને છુટા કરતાં અગાઉ અદાલતની કોઈ પુર્વ પરવાનગી મેળવેલ નથી, તે પણ પુરાવા ના અભાવે માની શકાય તેમ છે.

આમ, ફરીયાદી એ હકીકત સાબિત કરી શકે છે કે, સામાવાળા સંસ્થાએ તેમને આઈ. ડી. એકટની કલમ-૩૩(એ) નો ભંગ કરીને તદૃન ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરેલાં છે.

વધુમાં આ કામે સંસ્થાએ ફરીયાદીની રેફરન્સ (ડીમાન્ડ) પેન્ડીંગ હોવા છતાં અદાલતની પુર્વ પરવાનગી મેળવ્યા સિવાય ફરીયાદીને તદૃન ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરી દીધેલાં છે તેવા સંજોગોમાં ફરીયાદીને યોગ્ય બેકવેજીસ અપાવવું જરૂરી છે.આ કામે રેકર્ડ જોતા ફરીયાદી અવસાન પામેલ છે અને આંક-૭ ની અરજી મુજબ ફરીયાદીના વારસદાર રેકર્ડ ઉપર આવેલ છે, જેથી ફરીયાદીને પુન:સ્થાપિત કરવાનો પ્રશ્ન રહેતો નથી.વધુમાં બેકવેજીસનો નિર્ણય કરતી વખતે ફરીયાદીના કામનો પ્રકાર, તેમની નોકરી કરવાની ક્ષમતા, કંપનીની આર્થિક સ્થિતી અને પ્રવર્તમાન આર્થિક સ્થિતીને લક્ષમાં લેવી જોઈએ. આમ, આ તમામ સંજોગો જોતાં ફરીયાદીના વારસદારને ૫૦% બેકવેજીસ અપાવવામાં આવે તો તે ન્યાયિક અને વ્યાજબી કહેવાશે.

આમ, ફરીયાદી મુદ્દા નંબર ૧ અને મુદદા નં. ૨ નો જવાબ હકારમાં અને મુદદા નં.૩ નો અંશત: હકારમાં આપવામાં આવે છે અને મુદ્દા નંબર ૪ નો જવાબ આખરી હુકમ મુજબ આપવામાં આવે છે.

## // <u>આખરી હુકમ</u> //

**(૧)** સામાવાળા સંસ્થાનું ફરીયાદીને તારીખ : ૦૧/૧૦/૨૦૧૮ ના રોજ નોકરીમાંથી છુટા કરવાનું પગલું નામદાર કોર્ટની પુર્વ પરવાનગી મેળવ્યા વગરનું હોઈ ગેરકાયદેસર અને રદબાતલ ઠરાવવામાં આવે છે.

**(૨)** સામાવાળા સંસ્થાએ ફરીયાદીના વારસોને પડેલા દિવસોના પગારના ૫૦% રકમ ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** સામાવાળા સંસ્થાએ ફરીયાદી ને અરજી ખર્ચ પેટે રૂા. ૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ચુકવી આપવાં.

**(૪)** આ એવોર્ડનો અમલ એવોર્ડ પ્રસિધ્ધ થયેથી દિન–૩૦ માં કરવાનો રહેશે.

**(અરૂણ સોની )**
**જી. જે. ૦૧૪૨૨**
**પ્રમુખ અધિકારી(જુનીયર ડીવીઝન)**
**મજુર અદાલત નંબર(૩), વડોદરા.**

**તારીખ : ૧૮/૦૯/૨૦૨૩**
**વડોદરા.**
પી.એમ.હાડા(સ્ટેનો)